# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૫ તા.૧૯-૧૦-૨૦૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- સી.આર.સી.કો.ઓર્ડિનેટરની ખાલી જગ્યા પર પ્રતિનિયુક્તિથી ભરતી કરવા બાબત.

સંદર્ભ :- ૧. નં.એસએસએ/મકમ/૨૦૧૭/૩૭૪૮-૩૭૮૭ તા.૨-૨-૨૦૧૭

૨. નં.એસએસએ/ટીટી/બી.યુ.સી.ભરતી/૧૭/૯૦૫૬-૯૧૦૫ તા.૨૦-૩-૨૦૧૭

૩. તા.૫-૧૦-૧૭ થી ઓનલાઈન અરજી કરવા માટેની સૂચનાઓ

૪. નં.એસએસએ/પી.એન્ડ એમ./૧૯/૩૬૭૭૪-૮૧૪ તા.૧૮-૧૦-૨૦૧૯

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, ન.પ્રા. શિ.સમિતિ,અમદાવાદમાં સી.આર.સી.કો.ઓર્ડિનેટરની ખાલી જગ્યા છે. સી.આર.સી.કો.ઓર્ડિનેટરની જગ્યા માટે સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ગણિ-વિજ્ઞાન વિષય સિવાયના વિદ્યાસહાયક/ મદદનીશ શિક્ષક ઉમેદવારી નોંધાવવા માંગતા હોય તેવા ઉમેદવારોએ તા.૨૧ થી ૨૪ ઓકટોબર દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે. બાદમાં અરજીની કોપી તેમજ પ્રમાણિક નકલો સાથેની અરજી તા.૨૫-૧૦-૧૯ સુધીમાં જે તે યુઆરસી કો.ઓર્ડિનેટરને રૂબરૂ અથવા ટપાલથી પહોંચાડવાની રહેશે.

આ માટેની લેખિત પરીક્ષા તા.૮-૧૧-૧૯ના રોજ અમદાવાદ / ગાંધીનગર ખાતે યોજાશે.

આ સાથે સામેલ સંદર્ભિત પત્રનો અભ્યાસ કરી તેમાં દર્શાવ્યા પ્રમાણેની અરજી કરવાની રહેશે .

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૯-૧૦-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

**પી. ભારતી,** આઈ.એ.એસ.
**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર &**
**કમિશ્નર, પ્રાથમિક શિક્ષણ**

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

૩૬૭૭૪-૯૨૪

નં. એસએસએ/પી.એન્ડ એમ./૧૯/
**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
**સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા**
**સેકટર–૧૭, ગાંધીનગર**
**તા. ૧૮.૧૦.૨૦૧૯**
ફોન નંબરઃ (૦૭૯) ૨૩૨૪૩૧૩૩
ઈમેલ : spdssa@gmail.com

---

પ્રતિ

જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેકટ કચેરી, સમગ્ર શિક્ષા,
જિ. તમામ

એડી. જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
જિ. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ

**વિષય : સીઆરસી કો–ઓર્ડિનેટરની જગ્યા જે જિલ્લા/તાલુકામાં ખાલી છે તે જિલ્લા/તાલુકામાં સીઆરસી કો–ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી ભરતી કરવા બાબત.**

**સંદર્ભઃ(૧) આ કચેરીના પત્ર નં.એસએસએ/મકમ/૨૦૧૭/૩૭૪૮–૩૭૮૭ તા.૨.૨.૨૦૧૭**
**(૨) આ કચેરીના પત્ર નં.એસએસએ/ટીટી/બી.યુ.સી. ભરતી/૧૭/૯૦૫૬–૯૧૦૫ તા.૨૦.૩.૨૦૧૭**
**(૩) તા.૫.૧૦.૨૦૧૭ ની ઓનલાઈન અરજી કરવા માટેની સૂચનાઓ**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આપના જિલ્લામાં અમુક તાલુકાઓમાં સીઆરસી કો–ઓર્ડિનેટરની જગ્યા ખાલી છે. સંદર્ભ (૧) અને (૨) અન્વયે સીઆરસી કો–ઓર્ડિનેટરની ભરતી માટેના રીક્રુટમેન્ટ રૂલ્સ સરકારશ્રીની અનુમતિ મેળવી જે તે સમયે બહાર પાડવામાં આવેલ છે. આ જ આર.આર. મુજબ તેમજ સાથેના પરિશિષ્ટ મુજબ આ જગ્યા માટે જે તાલુકામાં સીઆરસી કો–ઓર્ડિનેટરની જગ્યા ખાલી છે તે જ તાલુકાના સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતાં ગણિત–વિજ્ઞાન વિષય સિવાયના વિદ્યાસહાયક/મદદનિશ શિક્ષક પ્રતિનિયુકિતથી સીઆરસી કો–ઓર્ડિનેટરમાં કામગીરી કરવા ઈચ્છા ધરાવતાં હોય તેમણે તા.૨૧ થી ૨૪ ઓકટોબર દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે. બાદમાં અરજીની કોપી તેમજ પ્રમાણિત નકલો સાથેની અરજી તા.૨૫.૧૦.૨૦૧૯ સુધીમાં જે તે બીઆરસી ભવનમાં રૂબરૂ/ટપાલથી તેમણે પહોંચાડવાની રહેશે.

આ માટેની લેખિત પરીક્ષા તા.૮.૧૧.૨૦૧૯ ના રોજ અમદાવાદ/ગાંધીનગર ખાતે યોજાશે.

આ અંગેની જાણ આપના જે તાલુકામાં સીઆરસી કો–ઓર્ડિનેરટની જગ્યા ખાલી છે તે તાલુકાના તમામ શિક્ષકોને કરવાની રહેશે.

**(પી. ભારતી)**

**બિડાણ : પરિશિષ્ટ–૧ઃ બીઆરસી, યુઆરસી, સીઆરસી કો–ઓ.ની પ્રતિનિયુકિતથી પસંદગી માટેના નોર્મ્સ/માપદંડો**
**પરિશિષ્ટ–૨ઃ "ઓનલાઈન" અરજી કરવા માટેની સૂચનાઓ**
**પરિશિષ્ટ–૩ઃ તાલુકાવાર ખાલી સીઆરસીની જગ્યાની વિગતો**

**નકલ સવિનય રવાના જાણ સારૂઃ**

– માન.સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**નકલ રવાના જાણ સારૂઃ**

– નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
– નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર–૧૨, ગાંધીનગર
– અધ્યક્ષશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, સેકટર–૨૧, ગાંધીનગર

E:\D\OIC-TT\Latter.doc

## પરિશિષ્ટ–૧

## બીઆરસી,યુઆરસી અને સીઆરસીકો.ઓ.ની ભરતી પ્રક્રિયા અંગેના તા.૨.૨.૧૭ ના નોર્મ્સ

### (અ) સીઆરસી કો.ઓ.ની પ્રતિનિયુકિતથી પસંદગી માટેના નોર્મ્સ/માપદંડો :

### (૧) વહીવટી માળખું :

1. પ્રતિનિયુકિતથી પસંદગી પ્રથમ ૩ વર્ષ માટે આપવામાં આવશે. જેમાં પ્રથમ ૧ વર્ષ પ્રોબેશન ગણાશે. આ પ્રોબેશન દરમ્યાન સંબંધિત તાલુકા/કલસ્ટરની શાળાઓના 'Learning Outcomes'(હાલ ગુણોત્સવના શૈક્ષણિક પરિણામ આધારિત)ને ધ્યાને લેવામાં આવશે. ૩ વર્ષ બાદ પ્રતિનિયુકિત દરમ્યાનની સારી કામગીરીને ધ્યાનમાં લઈ વધુમાં વધુ બે વર્ષ પ્રતિનિયુકિત લંબાવી શકાશે.આમ કુલ મહત્તમ ૫ વર્ષ પ્રતિનિયુકિત રહેશે
2. જે તે જિલ્લા શિક્ષણ સમિતિ/સંબંધિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ/ મ્યુ.કોર્પોરેશન હસ્તકની જે તે તાલુકાની સરકારી પ્રાથમિક શાળામાં, અરજીની તારીખે સીઆરસી.કો.ઓર્ડિનેટર માટે ૩(ત્રણ)વર્ષનો અનુભવ ધરાવતા પ્રાથમિક અથવા ઉચ્ચ પ્રાથમિક(ધો.૬ થી ધો.૮)ના(ગણિત–વિજ્ઞાન સિવાય)વિદ્યાસહાયક/શિક્ષક (H TAT પાસ અને મુખ્ય શિક્ષક તરીકે નિમણૂંક મેળવીને ફરજ બજાવતા હોય તે સિવાય) જે તે જિલ્લાના જે તે તાલુકાના સીઆરસી માટે અરજી કરી શકશે. તથા અગાઉ બીઆરસી, યુઆરસી અથવા સીઆરસી કો.ઓર્ડિનેટર તરીકે પ્રતિનિયુકિત ઉપર ફરજ બજાવેલ હોય અને ૧ વર્ષનો કુલીંગ પીરીયડ પૂર્ણ થયેલ હોય તેવા ઉમેદવારો અરજી કરી શકશે.
3. સીઆરસીની જગ્યા માટે અરજીની તારીખે ૩ વર્ષ જિલ્લા પંચાયત/નગર પાલિકા/મ્યુ.કોર્પોરેશન હસ્તકની સરકારી પ્રાથમિક શાળાનો શિક્ષક/વિદ્યાસહાયક તરીકેનો અનુભવ ફરજિયાત છે. ત્યારપછીના અનુભવને મેરીટ ગુણાંકન ગણવો.
4. અરજી કરનાર શિક્ષક સામે નૈતિક અધઃ પતન, ગુનાઓ,પોલીસ કેસ, અંગત ગુના સબબ જિલ્લાકક્ષાએથી તપાસ ચાલુમાં હોય તેવા ઉમેદવારને અમાન્ય ગણવા. આ માટે જિલ્લા કક્ષાએથી ખરાઈ કરવી. અગાઉ બીઆરસી, યુઆરસી, સીઆરસી કો.ઓ.ની પ્રતિનિયુકિત કોઈ ગંભીર ગુનાના કારણોસર રદ કરાયેલ હોય તેમને પસંદગી માટે અમાન્ય ગણવા.
5. અરજી કરનાર શિક્ષકની મહત્તમ ઉંમર ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

### (૨) શૈક્ષણિક માળખું :

#### (૧) અગ્રતાક્રમની મેરીટયાદી તૈયાર કરવા માટેનો નિયત ગુણભાર અને ગુણાંકન પધ્ધતિ :

| |
|---|
| **શૈક્ષણિક લાયકાત :**<br>ધો.૧૦/૧૨ પાસ + PTC અને સમકક્ષ અથવા B.Ed અને સમકક્ષ<br>વધારાની લાયકાત : એમએડ/એમફીલ/પીએચડી |
| **અનુભવ :**<br>સીઆરસી માટે ૩ વર્ષનો અનુભવ ફરજિયાત<br>ધો.૬ થી ૮ ના ગણિત–વિજ્ઞાન વિષય સિવાયના ધો.૧ થી ૮ ના શિક્ષક/વિદ્યાસહાયક અરજી કરી શકશે.<br>H-TAT પાસ અને હેડ ટીચર તરીકે નિમણૂંક પામેલ હેડ ટીચર અરજી કરી શકશે નહિ. |
| **વય મર્યાદા : ૫૦ વર્ષ** |
| **શૈક્ષણિક ગુણાંકન : કુલ ગુણ : ૫૦ ગુણ**<br>ધો. ૧૦/૧૨ પાસ — મેળવેલ ગુણના ૦૫ ટકા<br>PTC અને સમકક્ષ — મેળવેલ ગુણના ૦૫ ટકા<br>સ્નાતક/સમકક્ષ — મેળવેલ ગુણના ૧૦ ટકા<br>અનુસ્નાતક/સમકક્ષ — મેળવેલ ગુણના ૦૫ ટકા<br>B Ed અને સમકક્ષ — મેળવેલ ગુણના ૦૫ ટકા<br>**વધારાની લાયકાત :**<br>એમએડ અને એમફીલ — ૦૫ ગુણ<br>પીએચડી — ૦૫ ગુણ<br>શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સિધ્ધિઓ — ૦૫ ગુણ<br>(પાઠયપુસ્તક લેખન/મોડયુલ લેખન/રાજયકક્ષાના તજજ્ઞ તરીકેની કામગીરી/રાજયકક્ષાના એવોર્ડ/ દુરવર્તી શિક્ષણમાં/બાયસેગમાં સામેલગીરી/તજજ્ઞ તરીકેની કામગીરી)<br>(રાજયકક્ષાના પ્રમાણપત્રો હોય તો જ, ૧ કામગીરીના ૧ ગુણ ગણવા)<br>અનુભવ (શિક્ષક તરીકેના ૫ ગુણ) — ૦૫ ગુણ |

| |
|---|
| **કુલ ગુણ ૫૦ ગુણ**<br>મેરીટ બનાવતી વખતે ૫૦ ગુણનું ૩૦ ગુણમાં રૂપાંતર કરવુ. |
| **લેખિત પરીક્ષા : (રાજયકક્ષાએથી)**<br>વિષયવસ્તુ આધારિત લેખિત પરીક્ષા ૧૦૦ ગુણ<br>(ઓએમઆર બેઝ)<br>ગુજરાતી ભાષા (વિષયવસ્તુ/પધ્ધતિશાસ્ત્ર) ૫ ગુણ<br>હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત (વિષયવસ્તુ/પધ્ધતિશાસ્ત્ર) ૧૦ ગુણ<br>ગણિત (વિષયવસ્તુ/પધ્ધતિશાસ્ત્ર) ૧૦ ગુણ<br>વિજ્ઞાન (વિષયવસ્તુ/પધ્ધતિશાસ્ત્ર) ૧૦ ગુણ<br>પર્યાવરણ/સામા.વિજ્ઞાન (વિષયવસ્તુ/પધ્ધતિશાસ્ત્ર) ૧૦ ગુણ<br>કોમ્પ્યુટર (સીસીસી સમકક્ષ) ૧૦ ગુણ<br>શિક્ષણ સાંપ્રત પ્રવાહો ૨૦ ગુણ<br>(એસએસએ, શિક્ષણ કાયદો, નિયમો અને અન્યો)<br>સામાન્યજ્ઞાન ૧૫ ગુણ<br>સીઆરસી/બીઆરસીની કામગીરી<br>સંદર્ભે અભિરૂચિ ૧૦ ગુણ<br>**કુલ ગુણ ૧૦૦ ગુણ**<br>મેરીટ બનાવતી વખતે ૧૦૦ ગુણનું ૭૦ ગુણમાં રૂપાંતર કરવું. |
| મેરીટ તૈયાર કરવાની રીત :<br>શૈક્ષણિક લાયકાત અને અન્ય ૩૦ ગુણ + લેખિત પરીક્ષા ૭૦ ગુણ = કુલ ગુણ ૧૦૦ ગુણ આધારે તાલુકાવાર મેરીટ યાદી તૈયાર કરવી. |

(૨) ઉકત શૈક્ષણિક અને તાલીમી લાયકાતના ગુણાંકન સમયે, જે તે પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પાસ કરેલ હોય, આ પ્રકારના કિસ્સામાં ગુણાંકન માટે નીચે મુજબની પધ્ધતિ અનુસાર ગણતરી કરી ગુણાંકન કરવાનું રહેશે.
દા.ત. ઉમેદવારે પરીક્ષા ત્રણ પ્રયત્ને પાસ કરેલ હોય જેમાં પ્રથમ પ્રયત્નમાં ૭ વિષયમાંથી ૪ વિષયમાં પાસ અને ૩ વિષયમાં નાપાસ થયેલ હોય અને કુલ ૭૦૦ માંથી આશરે ૩૦૦ ગુણ મેળવેલ હોય.
તથા બીજા પ્રયત્નમાં ૪ વિષયની પરીક્ષા માફી લઈ નાપાસ થયેલ ૩ વિષયની પરીક્ષા ફરી આપતાં જેમાંથી ૨ વિષયમાં પાસ અને ૧ વિષયમાં નાપાસ થયેલ હોય તો કુલ ૩૦૦ ગુણમાંથી આશરે ૧૦૦ ગુણ મેળવેલ હોય.
અને ત્રીજા પ્રયત્નમાં ૬ વિષયની પરીક્ષા માફી લઈ નાપાસ થયેલ ૧ વિષયની પરીક્ષા ફરીથી આપે અને તેમાં ૧૦૦ માંથી આશરે ૫૦ ગુણ મેળવેલ હોય.
ઉકત ત્રણેય પ્રયત્નો કરેલ હોય તેમની ગણતરી ત્રણેય માર્કશીટમાં દર્શાવેલ કુલગુણમાંથી મેળવેલ ગુણનો સરવાળો કરવો એટલે કે પ્રથમ પ્રયત્નના ૩૦૦ ગુણ, બીજા પ્રયત્નના ૧૦૦ ગુણ તથા ત્રીજા પ્રયત્નના ૫૦ ગુણ એમ ૩૫૦ ગુણ અને ત્રણેય પ્રયત્નોના કુલ ગુણ એટલે કે પ્રથમ પ્રયત્નના ૭૦૦ ગુણ, બીજા પ્રયત્નના ૩૦૦ ગુણ અને ત્રીજા પ્રયત્નના ૧૦૦ ગુણ એમ કુલગુણ ૧૧૦૦ મુકવા અને પ્રયત્નોની સંખ્યા ૩ દર્શાવવી.

(૩) નિયત શૈક્ષણિક, વ્યવસાયિક લાયકાત તેમજ આવશ્યક અનુભવ ધરાવતા કર્મચારી જરૂરીયાત મુજબ લાયકાત, અનુભવ ધરાવે છે તેમ માની તેમની લેખિત પરીક્ષા લેવામાં આવશે. માત્ર લેખિત પરીક્ષા આપવાથી નિયત લાયકાત, અનુભવ ધરાવે છે. તેવી રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

(૪) કુલ ગુણ ૧૦૦ માંથી મેળવેલ ગુણ આધારે સીઆરસી કો.ઓર્ડિનેટર માટે અગ્રતાક્રમ અનુસારની તાલુકાવાર મેરીટયાદી રાજયકક્ષાએથી બનાવીને જિલ્લાને મોકલવામાં આવશે.

(૫) ગુણાંકનમાં ૦.૫ કરતાં વધુ ગુણ હોય તો તે ૧.૦ ગુણ જયારે શિક્ષક તરીકેનો અનુભવ છ માસ કરતા વધુ વર્ષ હોય તો ૧ વર્ષ પૂર્ણ ગણવું.

(૬) શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સિધ્ધિઓમાં(પાઠયપુસ્તક લેખન/મોડયુલ લેખન/રાજયકક્ષાના તજજ્ઞ તરીકેની કામગીરી/ રાજયકક્ષાના એવોર્ડ/દુરવર્તી શિક્ષણમાં/બાયસેગમાં સામેલગીરી/તજજ્ઞ તરીકેની કામગીરી)રાજય કક્ષાની કામગીરી હોય તો અને તો જ એક પ્રવૃત્તિ/સિધ્ધિદીઠ વધુમાં એક જ ગુણ ગણવાનો રહેશે. (દા.ત. રાજય કક્ષાએ મોડયુલ લેખનમાં વર્ષ : ૨૦૧૩, વર્ષ : ૨૦૧૪, વર્ષ : ૨૦૧૫માં મોડયુલ કામગીરી કરેલ હોય તો તે મોડયુલ લેખનનો એક જ ગુણ ગણવો.)

**(બ) રાજય કક્ષાએથી કરવાની કાર્યવાહી :**

(૧) અરજી કરવા માટે નિયત કરેલ નોર્મ્સ/માપદંડો પરિપૂર્ણ કરતાં હોય તેવા ઉમેદવારોની લેખિત પરીક્ષા સંભવિત તા.૮.૧૧.૧૯ ના રોજ અમદાવાદ/ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. બાદમાં શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવના ગુણાંકન અને લેખિત પરીક્ષાના આધારે સીઆરસી કો.ઓ. માટે અગ્રતાક્રમ અનુસારની તાલુકાવાર મેરીટયાદી તૈયાર કરવામાં આવશે. જે જિલ્લાઓને મોકલી આપવામાં આવશે.

પસંદગી પ્રક્રિયા અન્વયે રાજય કક્ષાએથી મોકલવામાં આવેલ તાલુકાવાર અગ્રતાક્રમની મેરીટયાદી આધારે જિલ્લાની તમામ સીઆરસીની ખાલી જગ્યા માટે કાર્યવાહી કરવાની રહેશે. જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ ધ્વારા લાયકાતના પ્રમાણપત્રોની ચકાસણી તથા સ્થળ પસંદગી પ્રક્રિયા યોજવાની રહેશે.

**પસંદગી સમિતિ :**

(૧) જિલ્લા પ્રોજેકટ કો.ઓ.ર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી – અધ્યક્ષ
(૨) પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – સભ્ય
(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી – સભ્ય
(૪) ૧ ટીપીઈઓ – સભ્ય
(૫) જિલ્લા કો.ઓર્ડિનેટર પ્લાનીંગ એન્ડ મોનીટરીંગ – સભ્ય સચિવ

આ પસંદગી સમિતિના ૫ સભ્યો પૈકી ઓછામાં ઓછા ૩ સભ્યોની હાજરી અનિવાર્ય રહેશે.

ઉકત નિયત કરેલ માપદંડો / નોર્મ્સ તથા પસંદગી અન્વયે પ્રક્રિયા હાથ ધરવા માટેનું સૂચિત સમયપત્રક નજીકના સમયગાળામાં રાજય કક્ષાએથી મોકલી આપવામાં આવશે.

**(ક) જિલ્લા કક્ષાએથી કરવાની થતી કાર્યવાહી :**

બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ.ની પ્રતિનિયુકિતથી પસંદગી માટેની ભરતી પ્રક્રિયા અને પધ્ધતિ પસંદગી સમિતિ ધ્વારા પ્રમાણપત્ર ચકાસણી, સ્થળ પસંદગી માટેની કાર્યપધ્ધતિ અને અન્ય સુચનાઓ

(૧) ઉમેદવારે અરજી કરેલ હોય તેની નકલ તેમાં દર્શાવેલ તમામ પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત એક નકલમાં મેળવવી.

(૨) અરજીમાં દર્શાવેલ પ્રમાણપત્રો/લાયકાત સિવાયના અન્ય કોઈ પ્રમાણપત્રો સ્વીકારવા નહી.

(૩) અરજીમાં દર્શાવેલ પ્રમાણપત્રોની આધારભૂત ખરાઈ કરીને, તે સાચા હોય તો તેને માન્ય ગણવા અન્યથા તે રદ કરવાપાત્ર હોય તો તેના કારણસહ રદ કરવા તે આધારે કામચલાઉ મેરીટયાદીમાં ફેરફાર પસંદગી સમિતિએ કરવો.

(૪) નોકરીના સમયગાળા તથા જન્મ તારીખ અંગે હાલની શાળાના આચાર્યનું પ્રમાણપત્ર મેળવવું.

(૫) ઉકત–(૧) થી (૪)ની બાબતો ચકાસણીને અંતે સીઆરસી કો.ઓર્ડિનેટર માટે અલગ અલગ તાલુકાવાર કામચલાઉ મેરીટયાદી પસંદગી સમિતિએ તૈયાર કરવી. મેરીટ પ્રમાણે સ્થળ પસંદગી કરાવવાની રહેશે. અત્રેથી મોકલેલ મેરીટ યાદીમાં કોઈ તાલુકાની યાદીમાં ફેરફાર થાય તો પસંદગી સમિતિએ નવી યાદી તૈયાર કરી સ્થળ પસંદગી કરાવવી પરંતુ તે તાલુકા માટે પ્રતિનિયુકિત હુકમ ન આપવો, અત્રેથી બહાલી મેળવી હુકમ આપવા.

(૬) સ્થળ પસંદગીમાં તાલુકાના તમામ ખાલી સીઆરસી સેન્ટરના નામ દર્શાવવાના રહેશે.

(૭) અગ્રતાક્રમના ઉમેદવાર જે સ્થળ પસંદગી કરે તેની બાંહેધરી મેળવીને, રૂબરૂમાં ૩ વર્ષ માટે પ્રતિનિયુકિતથી પ્રતિનિયુકિત માટેનો ઓર્ડર આપવો. જેમાં ૧ વર્ષ પ્રોબેશન ગણાશે.(પ્રતિનિયુકિત હુકમનો નમૂનો અને બોલીઓ અને શરતો આ સાથે સામેલ છે) પ્રતિનિયુકિતથી સીઆરસી કો.ઓ તરીકે પસંદગી કરેથી એક વર્ષ ફરજીયાત રીતે ફરજ બજાવવાની રહેશે.

(૮) અગ્રતાક્રમનો ઉમેદવાર કોઈપણ સ્થળ પસંદ ન કરે તેવા સંજોગોમાં, તેઓ ભવિષ્યમાં આ જગ્યા માટે હકકદાવો કરી શકશે નહી તેવી બાંહેધરી મેળવીને તેમનું નામ મેરીટયાદીમાંથી રદ કરવું.

(૯) સ્થળ પસંદગી પૂર્ણ થયાબાદ સીઆરસી કો.ઓર્ડિનેટર કોઈ જગ્યા ખાલી ન હોય તો આ યાદીના બાકીના ઉમેદવારોની પ્રતિક્ષાયાદી બનાવી પસંદગી સમિતિની સહી મેળવવી.

(૧૦) ઉકત–(૯)અન્વયે તૈયાર થયેલ પ્રતિક્ષાયાદી રાજયકક્ષાની સુચના ન મળે ત્યાં સુધી અન્યથા નવી જાહેરાત આવે ત્યાં સુધી અમલમાં રહેશે.

(૧૧) નવી પ્રતિનિયુકિતથી ભરાયેલ સીઆરસી કો.ઓર્ડિનેટરની જગ્યા કોઈ કારણસર ખાલી થાય તો તેવા સંજોગોમાં મહત્તમ ૨ માસમાં આ જગ્યા પ્રતિક્ષા યાદીમાંથી ભરવી.

## પરિશિષ્ટ–૨

## ''ઓન લાઈન''અરજી કરવા માટેની સૂચનાઓ

સીઆરસી કો.ઓર્ડિનેટરની ખાલી પડેલ જગ્યાઓ પર ઉમેદવારી નોંધાવવા માટે નીચે મુજબની સામાન્ય શરતો, લેખિત પરીક્ષા, મેરીટયાદી તૈયાર કરવા અંગેનો ગુણભાર અને તેની ગુણાંકન પધ્ધતિ તથા અન્ય આવશ્યક શરતો અને સામાન્ય શરતો નીચે મુજબ છે.

૧. સમગ્ર શિક્ષા અંતર્ગત સીઆરસીકો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી જગ્યા ભરવા માટે હાલ જે તાલુકામાં જગ્યા ખાલી છે તે તાલુકાના જિલ્લા શિક્ષણ સમિતિ/સંબંધિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ/ મ્યુ.કોર્પોરેશન હસ્તકની સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા વિદ્યાસહાયક/શિક્ષક પાસેથી ઓન લાઈન(ON LINE)અરજી મંગાવવામાં આવે છે.

૨. આ જાહેરાતના સંદર્ભમાં માત્ર ઓન લાઈન(ON LINE)અરજીઓ જ સ્વીકારવામાં આવશે. ઓનલાઈન(ON LINE)અરજી કરવાનો સમયગાળો **તા.૨૧,ઓકટોબર(બપોરે ૧૫.૫૯ કલાક)તા.૨૪ ઓકટોબર–૨૦૧૯ (રાત્રે ૨૩.૫૯ કલાક સુધી) છે**.

૩. ઉમેદવારે સીઆરસી કો.ઓર્ડિનેટરની ખાલી જગાઓ માટે અરજી કરવાની રહેશે.

૪. પ્રતિનિયુકિતથી સીઆરસી કો.ઓ તરીકે પસંદગી કરેથી એક વર્ષ ફરજીયાત રીતે ફરજ બજાવવાની રહેશે.

### (A) સામાન્ય શરતો :

(૧) જે જિલ્લાના જિલ્લા/નગર/મ્યુનિસિપલ કોર્પોરેશનના જે તાલુકામાં સીઆરસી કો.ઓર્ડીનેટરની ખાલી જગ્યા હોય તે જગ્યા પર ઉમેદવારી નોંધાવવા તે જ તાલુકાના વિદ્યાસહાયક/શિક્ષકે અરજી કરવાની રહેશે.

(૨) ઉમેદવાર મેરીટ આધારે જગ્યાની પસંદગી કરી શકશે અને તે પસંદગી આખરી ગણાશે. અને નિમણુંક થયા બાદ જગ્યા અને સ્થળમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહીં.

### (B) અન્ય આવશ્યક શરતો :

રાજયકક્ષાએ તૈયાર થયેલ જે તે જિલ્લાના તાલુકાવાર મેરીટયાદી જે તે જિલ્લાને મોકલીને તે યાદી આધારે જિલ્લા કક્ષાએથી નીચે મુજબની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

(અ) મેરીટયાદીમાંથી સીઆરસી કો.ઓર્ડિનેટરની ખાલી જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને જિલ્લા કક્ષાની પસંદગી સમિતિની હાજરીમાં, જિલ્લાના જે તાલુકામાં સીઆરસી કો.ઓર્ડિનેટરની ખાલી હોય તે તમામ જગ્યાઓની પ્રસિધ્ધિ કરીને, તે જગ્યાઓ માટે તે જ દિવસે પ્રમાણપત્ર ચકાસણી અને રૂબરૂ સ્થળ પસંદગી કરાવવાની આવશે.

(બ) જિલ્લાકક્ષાએ પ્રમાણપત્ર ચકાસણી અને રૂબરૂ સ્થળ પસંદગી સમયે ઉમેદવાર ધ્વારા કરવામાં આવેલ ઓનલાઈન અરજીની પ્રિન્ટ જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે જમા કરાવવાની હોઈ તથા તેને આધારે તેમના ગુણાંકનની ચકાસણી/ખરાઈ કરવાની હોઈ આ માટે ઉમેદવારે ઓનલાઈન અરજી સમયે દર્શાવેલ લાયકાતો આધારે ગુણાંકન નિયત કરેલ હોઈ, તે સિવાયની અન્ય લાયકાતના ગુણાંકનને જિલ્લા કક્ષાએ પ્રમાણપત્ર ચકાસણી/રૂબરૂ સ્થળ પસંદગી સમયે મેરીટ માટે માન્ય ગણાશે નહિ.

(ક) ખરાઈ આધારે અમાન્ય ઉમેદવારોની ઉમેદવારી રદ બાતલ કરવામાં આવશે.

(ડ) પસંદગી સમિતિના સભ્યો સમક્ષ અગ્રતાક્રમના ઉમેદવારોને બોલાવીને તેમની પસંદગીની જગ્યા માટે તક આપીને તેની સંમતિ મેળવીને તદ્દ અનુસાર પ્રતિનિયુકિતથી નિમણુંક હુકમ આપવામાં આવશે.

(ઇ) અગ્રતાક્રમનો ઉમેદવારો કોઈ જગ્યા માટે પસંદગી ન દર્શાવે તો તેનો હકક જતો રહેશે અને ભવિષ્ય આ જગ્યા માટેનો હકકદાવો કરી શકશે નહિ.

(એફ) ભરતી પ્રક્રિયા સંદર્ભે અન્ય સુચનાઓ અત્રેથી જિલ્લાઓને મોકલેલ પરિપત્ર મુજબની રહેશે.

**(C) સામાન્ય સૂચનાઓ :**

(૧) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ સમગ્ર શિક્ષા માંગે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે "રદ" ગણવામાં આવશે.

(૨) આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન પ્રતિનિયુકિતથી તદ્દન હંગામી ધોરણે મહત્તમ ત્રણ વર્ષ માટે નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે. જેમાં તેમાં પ્રથમ વર્ષ પ્રોબેશન રહેશે. સારી કામગીરી કરનારની વધુ ૨ વર્ષ પ્રતિનિયુકિત લંબાવી શકાશે. પ્રતિનિયુકિતથી સીઆરસી કો.ઓ તરીકે પસંદગી કરેથી એક વર્ષ ફરજીયાત રીતે ફરજ બજાવવાની રહેશે.

(૩) ઉમેદવાર પોતે લેખિત પરીક્ષામાં સમાવશે થવાથી કોઈપણ જગ્યાની આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા પાત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાનો હકદાર થશે નહિ. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે સમગ્ર શિક્ષા પ્રોજેકટની સેવા સારું તે, નિયત કરેલ લાયકાત,શરતો અનુસાર યોગ્ય જણાતો નથી તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક "રદ" કરીને પડતો મૂકી શકાશે. નિમણૂંક બાબતે સમગ્ર શિક્ષા કચેરી–એસપીઓનો નિર્ણય આખરી ગણાશે.

(૪) આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હકક/અધિકાર સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીને રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિ.

(૫) કોઈપણ ઉમેદવાર (૧) તેની ઉમેદવારી માટે કોઈપણ પ્રકારનો ટેકો મેળવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેંડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૩) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવાના સંજાગોમાં કોઈપણ તબકકે ઉમેદવારી અથવા કરાર આધારિત નિમણૂંક રદ કરી શકાશે.

**(F) ઓન લાઈન અરજી કરવા સંદર્ભે જરૂરી સુચના / માહિતી :**

(૧) ઉમેદવારે ઓનલાઈન અરજી નિયત સમયમર્યાદામાં કરવાની રહેશે.

(૨) ઓનલાઈન સિવાયની કોઈપણ અરજી જિલ્લા/રાજય કક્ષાની કચેરીએ સ્વીકારવા કે માન્ય રાખવામાં આવશે નહિ.પરંતુ ઓનલાઈન અરજી નકલ તેમજ તેમાં દર્શાવેલ પ્રમાણપત્રોની પ્રમાણિત કોપી બીઆરસી ભવન ખાતે રૂબરૂ/ટપાલથી તા.૨૫.૧૦.૧૯ સુધીમાં પહોંચાડવાની રહેશે.

(૩) ઓનલાઈન અરજી Submit કર્યા બાદ સ્ક્રીન પર દર્શાવવામાં આવેલ Confirmation number નોંધી લેવાનો રહેશે.

(૪) Upload Photograph/Signature option માં કલીક કરી સ્ક્રીન પર દર્શાવવામાં આવેલ Confirmation number અને આપની જન્મ તારીખ એન્ટર કરી આપનો ફોટોગ્રાફ/સહી અપલોડ કરી શકાશે.

(૫) On line Application Submit કર્યા બાદ જો અરજીમાં કોઈ ભૂલ જણાય તો Edit Application option માં કલીક કરી સ્ક્રીન પર દર્શાવવામાં આવેલ Confirm number અને આપની જન્મ તારીખ એન્ટર કરી આપની અરજીમાં સુધારો કરી શકાશે.

(૬) આપની અરજીને Confirm application પર કલીક કરી Confirmation number અને આપની જન્મ તારીખ એન્ટર કરી આપની અરજીને Confirm કરવાની રહેશે. **Confirm કરેલી અરજી જ માન્ય ગણાશે** અને Confirm થયા પછી અરજી નંબર સાથે સ્કીન પર દેખાતા અરજી પત્રકની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

(૭) **Confirm કરેલી અરજીમાં કોઈપણ પ્રકારનો સુધારો–વધારો કરી શકાશે નહિ જેની નોંધ લેવી.**

(૮) નિયત શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવનારની લેખિત કસોટી સંભવિત તા. ૮, નવેમ્બર–૨૦૧૯ ના રોજ અમદાવાદ/ગાંધીનગર ખાતે લેવામાં આવશે. લેખિત કસોટીના કોલલેટર ડાઉનલોડ કરવાની તારીખ એસએસએની વેબસાઈટ પર મૂકવામાં આવશે તો ઉમેદવારોએ સમયાંતરે આ વેબસાઈટ જોતાં રહેવુ.

(૯) ઉમેદવારે ઈન્ટરવ્યુ વખતે ઓનલાઈન કરેલ અરજીપત્રકની લીધેલ પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ તથા અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

(૧૦) જરૂર જણાયે લેખિત કસોટીના કટ ઓફ માર્કસ સ્ટેટ પ્રોજેકટ નિયામકશ્રી ધ્વારા નકકી કરવામાં આવશે. જે સર્વે બંધનકર્તા રહેશે.

(૧૧) પ્રતિનિયુકિત પસંદગી અંગેની તમામ સૂચનાઓ ઓન લાઈન જ મૂકવામાં આવશે. તેથી પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી વેબસાઈટ જોતાં રહેવાનું રહેશે. આ અંગે અલગથી કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહિ.

| Annexure -3 | | | | |
|---|---|---|---|---|
| NO | Sr. | DISTRICT_NAME | BLKNAME | No of block wise vacant CRC |
| 1 | 3 | AHMEDABAD | BAVLA | 1 |
| 2 | 30 | AHMEDABAD | DASCROI | 4 |
| 3 | 200 | ANAND | ANAND | 1 |
| 4 | 277 | ANAND | TARAPUR | 1 |
| 5 | 647 | BHARUCH | ANKLESHWAR | 7 |
| 6 | 660 | BHARUCH | BHARUCH | 1 |
| 7 | 672 | BHARUCH | HANSOT | 2 |
| 8 | 675 | BHARUCH | JAMBUSAR | 2 |
| 9 | 686 | BHARUCH | NETRANG | 1 |
| 10 | 699 | BHARUCH | VALIA | 4 |
| 11 | 716 | BHARUCH | ZAGHADIA | 2 |
| 12 | 845 | BOTAD | RANPUR | 1 |
| 13 | 847 | CHHOTAUDEPUR | BODELI | 3 |
| 14 | 868 | CHHOTAUDEPUR | CHHOTA-UDEPUR | 1 |
| 15 | 884 | CHHOTAUDEPUR | JETPUR-PAVI | 6 |
| 16 | 898 | CHHOTAUDEPUR | KAWANT | 8 |
| 17 | 917 | CHHOTAUDEPUR | NASWADI | 12 |
| 18 | 937 | CHHOTAUDEPUR | SANKHEDA | 3 |
| 19 | 1114 | DANG | AHWA | 1 |
| 20 | 1146 | DEVBHOOMI DWARKA | BHANVAD | 3 |
| 21 | 1158 | DEVBHOOMI DWARKA | DWARKA | 3 |
| 22 | 1172 | DEVBHOOMI DWARKA | JAMKALYANPUR | 4 |
| 23 | 1191 | DEVBHOOMI DWARKA | JAMKHAMBHALIYA | 1 |
| 24 | 1676 | KHEDA | GALTESHWAR | 2 |
| 25 | 1682 | KHEDA | KAPADVANJ | 6 |
| 26 | 1706 | KHEDA | KATHLAL | 4 |
| 27 | 1727 | KHEDA | KHEDA | 1 |
| 28 | 1742 | KHEDA | MAHEMDAVAD | 1 |
| 29 | 1797 | KHEDA | VASO | 2 |
| 30 | 1935 | MAHISAGAR | KHANPUR | 2 |
| 31 | 1944 | MAHISAGAR | LUNAWADA | 15 |
| 32 | 1974 | MAHISAGAR | SANTRAMPUR | 9 |
| 33 | 2000 | MAHISAGAR | VIRPUR | 1 |
| 34 | 2031 | MORBI | MORBI | 1 |
| 35 | 2069 | NARMADA | DEDIYAPADA | 13 |
| 36 | 2095 | NARMADA | GARUDESHWAR | 1 |
| 37 | 2100 | NARMADA | NANDOD | 7 |
| 38 | 2114 | NARMADA | SAGBARA | 5 |

| NO | Sr. | DISTRICT_NAME | BLKNAME | No of block wise vacant CRC |
|---|---|---|---|---|
| 40 | 2162 | NAVSARI | JALALPOR | 1 |
| 41 | 2167 | NAVSARI | KHERGAM | 2 |
| 42 | 2182 | NAVSARI | VANSDA | 16 |
| 43 | 2396 | PORBANDAR | KUTIYANA | 2 |
| 44 | 2409 | PORBANDAR | PORBANDAR | 2 |
| 45 | 2451 | RAJKOT | JAMKANDORNA | 3 |
| 46 | 2470 | RAJKOT | JETPUR | 1 |
| 47 | 2482 | RAJKOT | KOTDA SANGANI | 1 |
| 48 | 2486 | RAJKOT | LODHIKA | 1 |
| 49 | 2498 | RAJKOT | RAJKOT | 2 |
| 50 | 2514 | RAJKOT | UPLETA | 2 |
| 51 | 2656 | SURAT | BARDOLI | 1 |
| 52 | 2680 | SURAT | MAHUVA | 8 |
| 53 | 2692 | SURAT | MANDAVI | 9 |
| 54 | 2711 | SURAT | MANGROL | 4 |
| 55 | 2736 | SURAT | UMARPADA | 5 |
| 56 | 2833 | TAPI | DOLVAN | 6 |
| 57 | 2844 | TAPI | KUKARMUNDA | 3 |
| 58 | 2851 | TAPI | NIZAR | 1 |
| 59 | 2855 | TAPI | SONGADH | 15 |
| 60 | 2875 | TAPI | UCHCHHAL | 2 |
| 61 | 2881 | TAPI | VALOD | 2 |
| 62 | 2888 | TAPI | VYARA | 7 |
| 63 | 2901 | VADODARA | DABHOI | 9 |
| 64 | 2919 | VADODARA | DESAR | 2 |
| 65 | 2934 | VADODARA | PADRA | 10 |
| 66 | 2960 | VADODARA | SAVLI | 1 |
| 67 | 2963 | VADODARA | SHINOR | 5 |
| 68 | 2969 | VADODARA | VADODARA | 15 |
| 69 | 3000 | VADODARA | VAGHODIYA | 1 |
| 70 | 3044 | VALSAD | PARDI | 2 |
| 71 | 3087 | VALSAD | VAPI | 3 |
| 72 | 3095 | XAMC | AMC | 32 |
| 73 | 3170 | XRMC | RMC | 1 |
| 74 | 3193 | xSMC | SMC | 7 |
| 75 | 3234 | xVMC | VMC | 3 |
| | | | | 330 |